સંપાદકીય

પાણીનો પ્રવાહ

જ્યારે તણાવ વધે છે તો તેની અસરથી કશું જ નથી બચતું. પુલવામાની આતંકી ઘટના બાદ પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે જે રીત અપનાવાઈ રહી છે, તેમાં હવે નદીઓના પાણીનું પણ નામ જોડાઈ ગયું છે. જળ સંસાધન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે સતલજ, રાવી અને બિયાસ નદીઓમાં ભારતના હિસ્સાનું જે પાણી પાકિસ્તાન જઈ રહ્યું છે, ભારત હવે તેને રોકી દેશે, આ પાણીનો પ્રવાહ હવે યમુના નદી તરફ વાળી દેવામાં આવશે. એક ટ્વીટમાં તેમણે એમ પણ કહ્યું કે સરકારે એ મતલબનો નિર્ણય કરી લીધો છે અને આ પાણીનો ઉપયોગ હવે પંજાબ અને જમ્મુ-કાશ્મીરના લોકો માટે થશે. ગડકરીની વાતોથી એ સ્પષ્ટ નથી કે આ નિર્ણય હજુ કયા સ્તર પર છે. જોકે તેમણે કોઈ નવી વાત પણ નથી કહી. આ મુદ્દો ઘણા સમયથી ચર્ચામાં છે કે સિંધુ નદી સમજૂતી અંતર્ગત ભારત પાસે આ નદીઓના જેટલા પાણીના ઉપયોગનો અધિકાર છે, ભારત તેનાથી ઘણું ઓછું પાણી વાપરી રહ્યું છે. આ પાણીના ઉપયોગ માટે ભારતે ત્રણ પરિયોજનાઓ બનાવી છે, જેના પર હજુ કામ ચાલી રહ્યું છે. કેટલાય રિપોર્ટો અનુસાર આ પરિયોજનાઓને પૂરી થવામાં પાંચથી છ વર્ષનો સમય લાગી શકે છે. દેખીતું છે કે આ કામ રાતોરાત નથી થવાનું. આ વાત પાકિસ્તાન પણ સમજે છે, તેથી તેણે જવાબી નિવેદન આપતાં કહ્યું કે ભારત ચાહે તો પાણી રોકી શકે છે.

જોકે જળ સંસાધન મંત્રીએ કોઈ એવી વાત નથી કહી કે પાકિસ્તાન તેના પર વાંધો ઉઠાવી શકે, તેમણે ભારતના વાજબી હિસ્સાનો પ્રવાહ રોકવાની વાત જ કહી છે. એ હિસ્સાના પ્રવાહને રોકવાની, જે સિંધુ નદી જળ સમજૂતી અંતર્ગત તેનો વાજબી હક્ક છે. પરંતુ આ વાતને જ્યારે આપણે પુલવામાની આતંકી ઘટના સાથે જોડીને જોઈએ છીએ, તો તેનો અર્થ બદલાઈ જાય છે. ત્યારે તેનો અર્થ એ થાય છે કે ભારત ભૂતકાળમાં પાકિસ્તાનને જે રાહત આપતું રહ્યું છે, તે હવે નહીં આપવામાં આવે.

પાકિસ્તાન પાસેથી મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો લીધા બાદ નદીના પ્રવાહને ઓછો કરવાના નિર્ણયને એ જ દિશામાં ઉઠાવાયેલું પગલું માની શકાય છે. આ બંને પગલાં પાકિસ્તાન પર ચોતરફી દબાણ બનાવવાની રણનીતિનો હિસ્સો છે. એ વાત ચોક્કસ છે કે નદીઓના પ્રવાહને ઓછો કરવાના નિર્ણયની ના તો કોઈ મોટી અસર થશે, ના તેનો કોઈ મોટો અર્થ છે. પરંતુ આ નિર્ણય પાકિસ્તાનને ભારતના કડક વલણનો સંદેશ આપવા માટે પણ જરૂરી હતો. એક રીતે એ ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉરીની આતંકી ઘટના બાદ આપવામાં આવેલ નિવેદનની આગામી કડી છે, જ્યારે તેમણે કહ્યું હતું, ‘લોહી અને પાણી, બંને એક સાથે ન વહી શકે.’

હવે એ સમય આવી ગયો છે, જ્યારે પાકિસ્તાનને પણ આ વાતોના અર્થ સમજી લેવા જોઈએ. એ સાચું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યાર સુધી ત્રણ યુદ્ધ થઈ ચૂક્યા છે, પરંતુ આ યુદ્ધો દરમ્યાન પણ દેશો વચ્ચે નદીઓ નિર્બાધ વહેતી રહી છે. પાકિસ્તાને કિશનગંગા અને બગલીહાર પરિયોજનાઓ પર વાંધા ભલે ઉઠાવ્યા હોય, પરંતુ કોઈ મોટો વિવાદ ક્યારેય નથી થયો. હવે જો પ્રવાહ રોકવાની વાત થઈ રહી હોય તો તેણે સમજવું પડશે કે ભારતમાં તેના વિરુદ્ધ ગુસ્સો કયા સ્તરે પહોંચી ગયો છે. જોકે એ પણ સત્ય છે કે આ બધા છતાં પણ ભારત પાણીનો ઉપયોગ કોઈ હથિયાર તરીકે નથી કરી રહ્યું.

બેનકાબ પાકિસ્તાન

ભારતે એફએટીએફની આગામી બેઠક માટે વધુ તૈયારી કરવાની સાથે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે પાકિસ્તાનને બચી નીકળવાનો કોઈ મોકો ન મળવા પામે.

આતંકી સંગઠનોના આર્થિક સ્ત્રોતો પર નજર રાખનારી આંતરરાષ્ટ્રીય સંસ્થા ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)એ પાકિસ્તાનને જે રીતે ગ્રે યાદીમાં જાળવી રાખવાનો નિર્ણય કર્યો તેનાથી ખબર પડે છે કે આતંકવાદની નિકાસ કરનારો આ પડોશી દેશ પોતાની હરકતો છોડવાને બદલે આતંકીઓનું માળખું યથાવત રાખી રહ્યો છે. એફએટીએફે જોયું કે પાકિસ્તાને તેમના નિર્દેશો પર મામૂલી રૂપે જ અમલ કર્યો. આ સંસ્થાએ તેને ચેતવ્યું પણ હતું કે તે આતંકી માળખાને ખતમ કરવા પ્રત્યે ગંભીર નથી અને જો તેણે પોતાનું વલણ ન બદલ્યું તો તેને કાળી યાદીમાં પણ નાખી શકાય છે. આ પાકિસ્તાનને શરમમાં મૂકવા અને તેના અસલી ચહેરાને ઉજાગર કરવા માટે તો પર્યાપ્ત છે જ, પરંતુ તેની આશા ઓછી છે કે તે આતંકવાદને સંરક્ષણ આપવાની પોતાની નીતિ છોડશે. તેનો સંકેત એફએટીએફના એ નિષ્કર્ષથી મળે જ છે કે પાકિસ્તાન આતંકવાદના નાસૂરને સમજવા તૈયાર નથી.

આ સંસ્થાની બેઠકના એક જ દિવસ પહેલાં આતંકી વડા હાફિઝ સઈદનાં સંગઠનો પર પ્રતિબંધની બનાવટી કવાયતથી પણ મળ્યો હતો. પાકિસ્તાને આ કવાયત દુનિયાની આંખોમાં ધૂળ નાખવા માટે જ કરી હતી. એ સારું થયું કે તે આંતરરાષ્ટ્રીય મંચ પર બેનકાબ થઈ ગયું અને ગ્રે યાદીમાંથી બહાર આવવાના તેના ઈરાદા પર પાણી ફર્યું, પરંતુ તેને મોહલત આપ્યા વગર જ કાળી યાદીમાં નાખી દીધું હોત તો વધુ સારું થાત. જો ભારતની તમામ કોશિશ છતાં એવું ન થઈ શક્યું તો તેનું કારણ એ જ લાગે છે કે કેટલાક દેશોએ પાકિસ્તાનની તરફદારી કરી.

ભારતે એફએટીએફની આગામી બેઠક માટે વધુ તૈયારી કરવાની સાથે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે પાકિસ્તાનને બચી નીકળવાનો કોઈ મોકો ન મળવા પામે. પાકિસ્તાન તરફે તગડી ઘેરાબંધીની જરૂરિયાત ન માત્ર એફએટીએફ, બલ્કે સંયુક્ત રાષ્ટ્રમાં પણ છે. તેનાથી એક હદ સુધી જ સંતુષ્ટ થઈ શકાય છે કે પહેલાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પુલવામા હુમલાની નિંદા કરતાં પાકિસ્તાનને કઠેરામાં ઊભું કર્યું અને પછી એફએટીએફે પણ, કારણ કે એ તથ્ય જોવા મળ્યું કે ચીન એમ ઈચ્છતું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પુલવામા હુમલા વિરુદ્ધ નિંદા પ્રસ્તાવમાં સીમા પાર આતંકવાદ શબ્દનો ્લ્લેખ ન થાય. ચીનની આ ચાહતને કારણે આ પ્રસ્તાવ લગભગ એક અઠવાડિયું અટકી રહ્યો. પુલવામા હુમલાની જવાબદારી લેનારા આતંકી સંગઠન જૈશે મોહંમદના વડાનો બેશરમીથી બચાવ કરનારા ચીન પ્રત્યે ભારત પોતાની નીતિ-રીતિ બદલે, એ સમયની માંગ છે. ચીનના ભારત વિરોધી વલણની અવગણના કરતા રહેવાનો કોઈ મતલબ નથી. જ્યારે એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે ચીન ભારતીય હિતોને આઘાત પહોંચાડવા માટે પાકિસ્તાન સંરિક્ષત આતંકી માળખાનો બચાવ કરી રહ્યું છે, ત્યારે ભારતે એ જોવું જ પડશે કે તેને કઈ રીતે દબાણમાં લાવી શકાય? આ જ સાચો સમય છે, જ્યારે એના પર ગહનતાથી વિચાર થાય કે હુઆવે જેવી એ ચીની કંપનીઓ પર લગામ કસવામાં આવે, જેનાથી દુનિયાના અન્ય દેશો પણ આશંકિત છે.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

કાશ્મીર સંકટ દૂર કરવાનો કાર્યક્રમ

વિશેષજ્ઞોનું માનવું છે કે તેનાથી પાકિસ્તાનને કોઈ ખાસ અસર નહીં પડે. બીજું એ કે અલગતાવાદી નેતાઓને આપવામાં આવેલ સુરક્ષા પાછી ખેંચી લેવાઈ છે. તેમને સુરક્ષા આપવી દૂધ પાઈને સાપ ઉછેરવા સમાન હતું, પરંતુ સરકારો બહુ પ્રેમથી એવું કરતી રહી.

કાશ્મીરના પુલવામાની ભયંકર આતંકી ઘટના આજકાલ દેશ-વિદેશમાં ચર્ચાનો વિષય છે. તેમાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. ઘટના કેમ થઈ અને આપણી સુરક્ષા વ્યવસ્થામાં ક્યાં કમજોરી રહી ગઈ એના પર ઘણું બધું લખાઈ ગયું છે. ખરું તો એ છે કે કાશ્મીરમાં આપણે ૧૯૪૮થી જ ભૂલો કરતા આવ્યા છીએ. ભૂલોનો ઘડો જ્યારે ભરાવા લાગે છે તો તેનું નુક્સાન આપણે આ જ પ્રકારની જઘન્ય ઘટનાઓ રૂપે જોવું પડે છે. સંક્ષેપમાં જોઈએ તે નેહરુ દ્વારા કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં લઈ જવો જ એક ખોટું પગલું હતું, કારણ કે એ સમયે ભારતીય સેના પાકિસ્તાની અને કબીલાઇ આક્રમણખોરોને ખદેડી રહી હતી અને જો તેને થોડ વધુ સમય મળી ગયો હોત તો આખું કાશ્મીર ભારતના આધિપત્યમાં હોત. બાદમાં નેહરુનું એમ કહેવું પણ બિનજરૂરી હતું કે કાશ્મીરના ભવિષ્યનો નિર્ણય ત્યાંના લોકોની ઈચ્છા જાણી લીધા બાદ થશે. ૧૯૬૫માં પાકિસ્તાનને હરાવ્યા બાદ પણ ભારતે જીતેલા, વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વનો કેટલોક ભાગ પાકિસ્તાનને પાછો આપી દીધો, જેમ કે હાજી પીરની પહાડી. ૧૯૭૧માં પાકિસ્તાનને હરાવ્યા બાદ પણ ઈન્દિરા ગાંધીએ શિમલા કરારમાં એવી ભૂલ કરી જે તેમના સ્વભાવથી એકદમ વિપરીત હતી. પાકિસ્તાનના ૯૦ હજાર સૈનિકો આપણી કેદમાં હતા અને જુલ્ફીકાર અલી ભુટ્ટો ઈન્દિરા ગાંધી પાસે દયાની ભીખ માંગી રહ્યા હતા. જો ઈન્દિરા ગાંધીએ દૃઢતા દેખાડી હોત તો કાશ્મીર સમસ્યાનું શિમલામાં જ સ્થાયી સમાધાન થઈ ગયું હોત. ૧૯૮૯માં વડાપ્રધાન વી.પી. સિંહે રુબૈયા સઈદને છોડાવા માટે આતંકીઓને છોડી મૂક્યા. આતંકીઓને લાગ્યું કે એક અપહરણથી તેમણે ભારત સરકારને ઘૂંટણિયે પાડી દીધી. ૧૯૯૯માં પણ એક શરમજનક ઘટના ત્યારે થઈ જ્યારે ભારત સરકારે ઈન્ડિયન એરલાઈન્સના મુસાફરોને છોડાવવા માટે ત્રણ આતંકીઓને કંધાર લઈ જઈને છોડી મૂક્યા. તેમાં જૈશે મોહંમદનો આતંકી મસૂદ અઝહર પણ હતો. તેનાથી સ્પષ્ટ થાય છે કે આતંકવાદનો સામનો કરવામાં કમજોરીનો સમયાંતરે કેટલાં ભયંકર દુષ્પરિણામ આવી શકે છે.

જમ્મુ-કાશ્મીરમાં ભાજપ અને પીડીપી સરકાર દરમ્યાન સુરક્ષા દળો પર જે અંકુશ લગાવવામાં આવ્યો તેનાથી તેમના મનોબળ પર ખરાબ પ્રભાવ પડ્યો. સોશ્યલ મીડિયા પર અનેક વીડિયો જોવા મળ્યા જેમાં સ્થાનિક યુવકો સુરક્ષા દળોને દોડાવી રહ્યા હતા. સુરક્ષા દળોને સંયમ રાખવાના આદેશ હતા. આ ઘટનાઓથી પથ્થરબાજોનું દુસ્સાહસ વધતું ગયું. કાશ્મીરની બગડેલી હાલત આપણી નીતિઓ કેટલી કંગાળ છે તેનો ખ્યાલ આપે છે. સવાલ એ છે કે ભારત સરકારે હવે શું કરવું જોઈએ? અત્યાર સુધી સરકારે બે પગલાં ભર્યાં છે. પહેલું એ કે પાકિસ્તાનને આપેલો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો ખેંચી લીધો છે. જોકે વિશેષજ્ઞોનું માનવું છે કે તેનાથી પાકિસ્તાનને કોઈ ખાસ અસર નહીં પડે. બીજું એ કે અલગતાવાદી નેતાઓને આપવામાં આવેલ સુરક્ષા પાછી ખેંચી લેવાઈ છે. તેમને સુરક્ષા આપવી દૂધ પાઈને સાપ ઉછેરવા સમાન હતું, પરંતુ સરકારો બહુ પ્રેમથી એવું કરતી રહી. આ બંને પગલાં સાચાં હોવા છતાં પણ અપૂરતાં છે. ભારત સરકારે નીચે જણાવેલ દસ સૂત્રી કાર્યક્રમ અંતર્ગત કામ કરવું જોઈએ.

આભાર - નિહારીકા રવિયા

પહેલું, કાશ્મીર સમસ્યા વાસ્તવમાં ઘાટી સુધી જ સીમિત છે. લદ્દાખ અને જમ્મુ ક્ષેત્ર આતંકવાદ કે અલગતાવાદથી પ્રભાવિત નથી. યોગ્ય રહેશે કે કાશ્મીરને ત્રણ પ્રદેશોમાં વિભાજિત કરી દેવામાં આવે. લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ પણ જાહેર કરી શકાય છે. એવું કર્યા બાદ કાશ્મીર ઘાટીમાં દેશ વિરોધી તત્ત્વો સામે એક સીમિત ક્ષેત્રમાં સામનો કરવો આસાન થઈ જશે.

બીજું, આંતરિક સુરક્ષાના માળખાને આપણે વધુ સુદૃઢ બનાવવો પડશે, વિશેષ કરીને આતંક પ્રભાવિત ક્ષેત્રોમાં. સુરક્ષા દળોને જે સંસાધનોની આવશ્યકતા હોય તે તેમને ઉપલબ્ધ કરાવવામાં આવે. તેમની વચ્ચે સારો સમન્વય અને અભિસૂચનાનું પર્યાપ્ત આદાન-પ્રદાન પણ થાય.

ત્રીજું, આપણી લડાઈ અલગતાવાદ અને આતંકવાદ સામે છે, સામાન્ય કાશ્મીરી સામે નહીં. એ આપણે હંમેશાં યાદ રાખવું પડશે. કાશ્મીરી યુવા, જે ઈસ્લામિક સ્ટેટની વિચારધારા તરફ આકર્ષિત થઈ રહ્યા છે કે લશ્કર કે જૈશના આતંકી બનવા તૈયાર છે, તેઓ એવું કેમ કરી રહ્યા છે, તેનું યોગ્ય વિશ્લેષણ કરીને તેમનું નિદાન કરવું પડશે.

ચોથું, પાકિસ્તાન કઈ રીતે આતંકવાદીઓને નાણાં અને અન્ય સંસાધનો દ્વારા મદદ કરે છે તેની યોગ્ય જાણકારી ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ એટલે કે એફએટીએફને આપવામાં આવે જેથી તે પાકિસ્તાનને બ્લેક લીસ્ટ કરી શકે.

પાચંમું, પ્રશાસનિક વ્યવસ્થામાં વિશેષ સુધાર કરવો. લોકોમાં અસંતોષ સામાન્ય રીતે પ્રશાસનિક અવ્યવસ્થાને કારણે હોય છે, વિશેષ કરીને જ્યારે સરકારી તંત્ર ભ્રષ્ટ કે સંવેદનહીન થઈ જાય છે.

છઠ્ઠું, બંધારણની કલમ ૩૭૦ વિશે પણ ઘણા દિવસોતી મંથન થઈ રહ્યું છે. હવે કદાચ સમય આવી ગયો છે કે આ કલમને સમાપ્ત કરી દેવામાં આવે, કારણ કે તેનાથી ન માત્ર અલગતાવાદને જ બળ મળી રહ્યું છે. કાશ્મીરીઓને તેમનો હક્ક અવશ્ય મળવો જોઈે, પરંતુ તેમની નકામી માંગો પર ધ્યાન આપવાનો કોઈ મતલબ જ નથી. સાતમું, સિંધુ નદી સમજૂતી પર પણ પુનર્વિચાર કરવામાં આવે. નેહરુની બિનજરૂરી ઉદારતા અને અદૂરંદેશીને કારણે આપણે પાકિસ્તાનને તેના હક કરતાં વધારે પાણી આપી રહ્યા છીએ. સમજૂતી પર પુનર્વિચાર કરવામાં સમય લાગી શકે છે, કારણ કે તે વિશ્વબેંકના તત્ત્વાધાનમાં થઈ હતી, પરંતુ શું દંડાતા?મક કાર્યવાહી રૂપે આપણે એક મહિના સુધી પાકિસ્તાનને જનારું પાણી બંધ ન કરી શકીએ? આ પાકિસ્તાનની હિંસાનો એક અહિંસક જવાબ હશે.

આઠમું, આતંકવાદ અને અલગતાવાદ સામે આપણી લડાઈ લાંબી ચાલશે. દુર્ભાગ્યે આતંકવાદ સામે લડનારા કાયદાને પાછલી સરકારો બરાબર કમજોર કરતી ગઈ છે. પહેલાં ‘ટાડા’ કાયદો હતો, બાદમાં તેનાથી કમજોર ‘પોટા’ આવ્યો અને અત્યારે તેનાથી કંગાળ ‘અનલોફૂલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ’ યાને યુએપીએ છે. આ એક્ટને વધારે ધાર આપવી યોગ્ય રહેશે.

નવમું, પાકિસ્તાન સાથે સંબંધ સુધાર માટે આપણે બધું જ કર્યું, પરંતુ જેવું કે અંગ્રેજીમાં કહેવામાં આવે છે કે ‘ઈથોપિયન પોતાની ચામડીનો રંગ નથી બદલી શકતો અને દીપડો પોતાના શરીરના દાગ.’ પાકિસ્તાન પણ પોતાની હરકતો ક્યારેય છોડવાનું નથી. તેનો એક જ ઉપાય છે, જે ખેલ પાકિસ્તાન કાશ્મીરમાં ખેલી રહ્યું છે એ જ ખેલ આપણે તેના સિંધ અને બલૂચિસ્તાનમાં ખેલીએ. પાકિસ્તાનને જ્યાં સુધી એમ નહીં લાગે કે તેનું અસ્તિત્વ જ ખતમ થઈ શકે છે ત્યાં સુધી તે નહીં સુધરે.

દસમું, ચીન પ્રત્યે પણ આપણે પોતાના વલણને નવેસરથી પરિભાષિત કરવું પડશે. કોઈ ‘બુલી’ સામે પહોંચી વળવાની ફક્ત એક જ રીત છે કે તેની આગળ ઝૂકવામાં ન આવે. ચીન જો મસૂદ અઝહર પર પોતાનું વલણ ન બદલે તો તેની ટેલીકોમ કંપનીઓને જો બહાર ન કરવામાં આવે તો કમ સે કમ એટલું દબાણ તો કરવું જ જોઈએ કે ચીનને પરસેવો વળી જાય.

યુદ્ધ વર્તમાન પરિસ્થિતિઓનો વિકલ્પ નથી. તલવાર કાઢ્યા વિના પણ પાકિસ્તાનના હોશ ઠેકાણે લાવી શકાય છે અને ચીનને પણ યોગ્ય રસ્તે લાવી શકાય છે.

કૂતરાની વાંકી પૂંછડીને કેવી રીતે સીધી કરવી તેની કળા

યુદ્ધ મોરચે તો આપણા જવા મર્દ સૈનિકો જડબાતોડ અને લમણાફોડ જવાબ આપી રહ્યાં છે. આપણે પણ દેશ ભક્તિના પાઠ આવતી પેઢીને ભણાવવા જોઈએ અને નિરર્થક વાતો ન કરતાં પરમેનન્ટ ભસતા કૂતરાઓની પરમેનન્ટ વાંકી પૂંછડીને મેં બતાવ્યું એ પ્રમાણે સીધી કરવાની છે.

અમારી ઓટલા, પાર્લામેન્ટની ગઈકાલે મળેલી મિટિંગમાં તમામ સભ્યોએ સ્થાન ગ્રહણ કર્યું. થોડી ક્ષણો બાદ શાયર જખ્મીએ જટાકાકાની પહેલાં જ બોલવાનું એટલે કે શાયરી સંભળાવવાનું શરૂ કર્યું :

‘‘પથ્થરો પોલા નીકળશે શી ખબર ?
મિત્ર સૌ બોદા નીકળશે શી ખબર !
એ આવ્યાં ત્યારે આંખ તો ભીની હતી
પણ આંસુઓ કોરાં નીકળશે શી ખબર !

તમને બધાને આશ્ચર્ય થશે કે આ જીવણ આપણી ઓટલા પાર્લામેન્ટના પ્રોટોકોલનો ભંગ કરીને શાથી પહેલો બોલ્યો ? આ બાબતની હું સ્પષ્ટતા કરી દઉં કે જોં જે મુક્તક સંભળાવ્યું, તે મારું લખેલું નથી. એના કર્તા કવિ ચિનુ મોદી છે.

હવે બીજી વાત....આપણા મિત્ર-શત્રુ દેશ પાકિસ્તાને પુલવામાંમાં હુમલો કર્યો એ બોદલા મિત્ર જેવું અધમાધમ કૃત્ય છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાન પોલા પથ્થર જેવા છે. મોઢું સિંહનું અને પૃષ્ઠ અંગ શિયાળનું એ આંસુ સારે તો પણ નકલી હોય છે અને શબ્દો પણ ખાં... ખાં.. ખાંખાં....’’ આમ શાયરના ગળામાં ઉધરસે આક્રમણ કરતાં બાબુ બારદાને એમને પાણીનો ગ્લાસ આપ્યો. શાયરે પાણી પીધું અને ઢીલા થઈને બેસી રહ્યાં.

થોડી વાર બાદ જટાકાકાએ સૌની સામે નજર ફેરવી સહેજ હસ્યા પછી બોલ્યા: ‘‘મિત્રો ! જીવણે આજે આપણી મિનિ પાર્લામેન્ટના સાહજિક પ્રોટોકોલનો ભંગ કર્યો એની પાછળ એનો દેશપ્રેમ હતો. આમેય શાયરોનું દિલ દૂધપાક જેવું મધુર હોય છે. વિધાનસભા કે સંસદના અમુક સભ્યો તબલાવાદકની જેમ પાટલીઓ પછાડીને પોતાનો રોષ ઠાલવતા હોય છે. એનું મૂળ કારણ એ છે કે ઘરમાં પત્નિ સાથે બોલાચાલી થઈ હોય, પત્નિના ગાલ પર લાફો ચોડવાનું મનોબળ ન હોય એટલે પાટલીઓ થપથપાવી પોતાના દિલની પીડાના પ્રવાહીને ઠાલવતા હોય છે. હું મારી જ વાત કરીશ તમારી મંછાકાકીનો પ્રતિકાર કરવાની મારામાં ત્રેવડ નથી, એનો લવારો સાંભળી મને ગુસ્સો ચઢે, ત્યારે હું લાકડી લઈને ઘરની બહાર દોડી આવું છું. અને બહાર કૂતરાંને ઝૂડી નાખીને મારો ગુસ્સો ઠાલવું છું ત્યારે જ મને ટાઢક વળે છે. મારી જેમ અમુક સભ્યો પાટલીઓ પછાડીને બળાપો ગૃહમાં કદાચ ઠાલવતા હોય ! આ તો મારા મગજનો તુક્કો છે. કદાચ એ મારા સ્વાઈન ફ્લુ ઝંખતા સડેલા મગજનો ભૂકકે પણ હોય !’’ આટલું લાંબુ લેક્ચર આવ્યા બાદ કાકાએ લશ્કરના જવાનની ચપળતાથી ખિસ્સાની ખીણમાં સંતાયેલા ગુટખા રૂપી આતંકવાદીને ઝડપી લીધો અને ચાવી ગયા. રિસેસ પડતાં સૌ આનંદમાં આવી ગયા અને સભ્યો એકબીજા સાથે ગુસપુસ કરવા લાગ્યા. રિસેસ પૂર્ણ થયા બાદ નરોત્તમ કાકા સામે જોઈ બોલ્યો : ‘‘કાકાશ્રી ! ત્રણ-ચાર દિવસ પહેલાં જ આંતરરાષ્ટ્રિય ‘માતૃભાષા દિન’ વિશ્વમાં ઉજવાયો મારું એવું માનવું છે કે ગદ્ય કરતાં પદ્ય કૃતિઓનો પ્રભાવ વધુ અસરકારક હોય છે.’’

‘‘તારી વાત સાચી છે. આપણા આ જીવણે આપણને શરૂઆતમાં કવિ ચિનું મોદીનું મસ્તક સંભળાવ્યું એમાં પાકિસ્તાનની સરખામણી પોલા ઢંઢ પત્થર સાથે કરી. પડોશી દેશ પાકિસ્તાનની કપટી મિત્રતાને બોદી કહી, એ બધું સાચું જ છે. કહેવત છે કે ‘કૂતરાની પૂંછડી ભોંયમાં દાટો તો પણ સીધી ન થાય. આ કહેવતને હું ખોટી ઠેરવી શકું એમ છું. એક જગાએ છ-સાત ઈંચ પહોળો અને દોઢ-બે ફૂટ ઊંડો ખાડો ખોદો. કૂતરાની પૂંછડીને એ ખાડામાં દાટો એના ચારેય પગ દોરડાથી બાંધો. ખાડામાં ઉતારેલી એ પૂંછડીની આસપાસ સિમેન્ટ, રેતી, કપચીનો મસાલો ભરી લો. બે ત્રણ દિવસ બાદ એ મસાલાનો ગઠ્ઠો થઈ જાય પછી કૂતરાનાં બંધનો છોડી નાંખો. પછી જુઓ કૂતરાની પૂંછડી વજનથી સીધી થાય કે નહીં?’’

આટલું બોલ્યા બાદ જટાકાકા સૌની સામે જોઈ મલકાયા. કૂતરાની વાંકી પૂંછડીને સીધી કરવાની ટ્રિકનો ગૂઢાર્થ અમે બધા સમજી ગયા. તમે પણ કૂતરાના ગોત્રને જાણો છો.

થોડી મિનીટો પસાર થયા બાદ નરોત્તમ બોલ્યો : ‘‘કાકાશ્રી ! તમે જ શાયરનું વક્તવ્ય સાંભળ્યા બાદ એમ કહ્યું હતું કે શાયરોનું દિલ દૂધપાક જેવું હોય છે. એમાં હું થોડો ઉમેરો કરવા માંગું છું. હવે માત્ર શાયરોનું જ દિલ દૂધપાક જેવું હોય છે, એવું નથી. રાજકારણીઓને પણ શાયરી લલકારીને પોતાના વક્તવ્યને દૂધપાકથી પણ વધારે મિષ્ટ બનાવવાની કળા આવડી ગઈ છે. ગત ગુરૂવારે આપણા મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યાપાલના આભાર પ્રસ્તાવ બાદ એક શેર સંભળાવ્યો જે વિપક્ષને અનુ લક્ષીને હતો.

મને તો આ શાયરી અખબારમાં વાંચ્યા પછી ખાતરી થઈ કે ગદ્ય કરતાં પદ્યમાં વધારે પાવર હોય છે. આપણા શાયરની કોઈ યુનિવર્સિટીમાં ચાન્સેલર પદે નિમણૂંક થાય એવા પ્રમાણિક પેંતરા રચવા જોઈએ’’ આટલું બોલ્યા બાદ નરોત્તમ મૌન બાબાની અદાથી બેસી રહ્યો.

થોડી મિનિટો બાદ જટાકાકાએ ગંભીર થઈને બધા સામે જોયું. પછી બોલ્યા: ‘‘યુદ્ધ મોરચે તો આપણા જવા મર્દ સૈનિકો જડબાતોડ અને લમણાફોડ જવાબ આપી રહ્યાં છે. આપણે પણ દેશ ભક્તિના પાઠ આવતી પેઢીને ભણાવવા જોઈએ અને નિરર્થક વાતો ન કરતાં પરમેનન્ટ ભસતા કૂતરાઓની પરમેનન્ટ વાંકી પૂંછડીને મેં બતાવ્યું એ પ્રમાણે સીધી કરવાની છે. આજે આપણે મિટિંગમાં ગંભીર ચર્ચા ચાલી, એનું કારણ છે.

આપણી ધીરજની કસોટી ક્યાં સુધી ? ! ! !

આ ઘટના વર્ષ ૧૯૩૬ની છે. એ દિવસોમાં બાપુ વર્ધાથી સેવાગ્રામ જતાં રહ્યાં હતાં. ત્યારે તેમણે આસપાસના ગ્રામીણોનો સંપર્ક કરવાનો શરૂ કર્યું. તેઓ રોજ તેમને સફાઇનું મહત્વ સમજાવતા અને નિયમિતપણે એ વિસ્તારમાં સફાઇ કરાવતા. ક્યારેક શેરીઓમાં ઝાડૂ લગાવતા તો ક્યારેક ગંદા નાના ટાબરિયાઓને સ્નાન કરાવતા. ત્યાં સુધી કે બાપુ તેમના ગંદા કપડાં ધોવામાં પણ સંકોચ અનુભવતા ન હતાં.

આમ કરતાં બાપુને બે-ત્રણ મહિના થઇ ગયા. પરંતુ ત્યાંના લોકોમાં સ્વચ્છતા અને સફાઇ પ્રતિ કોઇ લગાવ જોવા ન મળ્યો. તેઓ ગંદકી જ ફેલાવતા રહેતા. બાપુ સાથે આવેલા કાર્યકરો આ બધું જોઇ રહ્યાં હતાં. એક દિવસ એક કાર્યકરે બાપુને કહ્યું, ‘ બાપુ, તમને આ લોકોની સેવા કરતાં મહિનાઓ પસાર થઇ ગયા પરંતુ કોઇ પરિણામ જોવા મળી રહ્યું નથી. પોતાની સફાઇ તો બાજુએ મુકો, બાળકોને પણ ચોખ્ખા નથી રાખતા. તેઓ ગંદુ પહેરે છે, ગંદુ ખાય છે. જો તમે પોતે તેમને સાફ કપડાં પહેરાવી દીધા અને સારૂ ભોજન કરાવી દીધું તો ઠીક નહીતર તેમને તો તેનાથી કોઇ ફરક પડતો નથી’. કાર્યકરની વાત સાંભળી બાપુ બોલ્યા, ‘માત્ર આટલામાં જ ધીરજ ગુમાવી બેઠા. અરે ભાઇ, જે ગ્રામીણોની આપણે સદીઓથી ઉપેક્ષા કરતાં આવ્યા છે. તેમની કેટલાક વર્ષો સુધી નિસ્વાર્થ સેવા કરવી જ પડશે. તમારે ધીરજપૂર્વક કામ લેવું પડશે. દેશ ધીમે ધીમે જ પ્રગતિના પથ પર વધે છે. નવનિર્માણમાં કોઇ ચમત્કારની આશા કરવી ન જોઇએ. આજે ભલે સ્વચ્છતા પ્રતિ તેમના મનમાં ઉપેક્ષાનો ભાવ હોય પરંતુ એક દિવસ એવો અવશ્ય આવશે જ્યારે સફાઇ તેમના જીવનનું એક અંગ બની જશે.’ કાર્યકર ગાંધીજીની વાત સમજી સંમત થઇ ગયો.

જાહેર નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

રજિસ્ટર્ડ ઓફિસ : લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા-૩૯૦ ૦૦૭.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ૪૦૦ ૦૫૧.

સોનાની હરાજી અને આમંત્રણની નોટિસ

નીચે જણાવેલાં અરજદારોને આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ(‘‘આઈસીઆઈસીઆઈ બેંક’’) દ્વારા સોનાના દાગીના સામે તેમને અપાયેલી લોન (સવલત) બાકી નિકળતી રકમને પરત ભરપાઈ કરવા માટે નોટિસ આપવામાં આવી છે. સવલત હેઠળ અપાયેલી રકમને પુનઃચુકતે કરવામાં કરજદારો નિષ્ફળ નીવડ્યા હોવાથી **૦૮ માર્ચ, ૨૦૧૯ના** રોજ ગીરવે મુકાયેલાં સોનાનાં દાગીનાની હરાજી કરવાની અમને ફરજ પડી છે. કોઈપણ પૂર્વ માહિતી કે સૂચના આપ્યા વિના જ હરાજીમાંથી નીચે જણાવેલાં ખાતાઓમાથી કોઈને પણ દૂર કરવાની સત્તા આઈસીઆઈસીઆઈ બેંક પાસે છે. હરાજી ઓનલાઈન **https://jewel-auction.procuretiger.com** પર **બપોરના ૧૨.૩૦થી બપોરના ૩.૩૦ વાગ્યાની વચ્ચે યોજાશે.** વધુ માહિતી, નિયમો અને શરતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ પર લોગ કરવું. કરજદારના ડિસેસીસ્ડના કેસમાં અરજીકર્તા બધી શર્તો પુરી કરીને હકદાર બનશે.

લોન ખાતા નંબર	ગ્રાહકનું નામ
શાખાનું નામ : બાવળા	
049605003322	ચન્દ્રેશભાઈ લધારભાઈ ઘાનઘાલકા
શાખાનું નામ : બોડેલી	
202905003565	હિતેશભાઈ અશ્વિનભાઈ બારીયા
202905003594	ધર્મેન્દ્રભાઈ કાગુભાઈ રાઠવા
શાખાનું નામ : ડભોઈ	
184005003813	વિનોદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
184005004083	ઈમ્તિયાઝભાઈ હસનભાઈ કડીયા
શાખાનું નામ : ડિસા	
049705006322	અનિલકુમાર જી શાહ
049705012396	ભરતભાઈ એલ ડેસાઈ
049705012402	કમલેશભાઈ ડી ઠક્કર
શાખાનું નામ :દેહગામ	
171805007337	કરણસીભાઈ રબારી
શાખાનું નામ :ધાનેરા	
212105002164	વરઘાભાઈ હેમાભાઈ પટેલ
212105002269	ભરતભાઈ મફાભાઈ આલ
શાખાનું નામ : ધોળકા	
182905004048	ધર્મેન્દ્રભાઈ માધાભાઈ ચૌહાણ
182905005165	સહદેવભાઈ ભગવાનભાઈ રબારી
શાખાનું નામ : હિમ્મતનગર	
045205008133	સુરેશકુમાર એન પટેલ
045205008241	કિરણકુમાર હસમુખભાઈ સુથાર
શાખાનું નામ : ઈડર	
171905001853	દિનેશભાઈ મંધાભાઈ ચમાર
171905006485	દલપતભાઈમોતીભાઈ ઠકરાડા
શાખાનું નામ :કડી	
044205008892	વિજયસિંધ મનુજી વાઘેલા
શાખાનું નામ :કરજણ	
213105001124	દિલીપ એસ માછી
213105004098	નટવરલાલ ગોરધનદાસ પંચાલ
213105002867	કમલેશભાઈ ભીખાભાઈ વસાવા
213105004100	સુરેન્દ્રસિંધ પઢીયાર
શાખાનું નામ :માણસા -યાજ્ઞિક ચેમ્બર્સ	
172005004087	મહેશકુમાર બળદેવજી ઠાકોર
શાખાનું નામ :તલોદ, ગુજરાત	
363405002160	સિંઘરાજસિંહ કનુસિંહ ઝાલા
શાખાનું નામ : ઉંઝા	
042905002762	શૈલેષભાઈ જીવાભાઈ રબારી
શાખાનું નામ :વડોદરા	
000305018467	યસ દિપક અમલાની
શાખાનું નામ : વાસણારોડ,વડોદરા	
624505042037	મનસુરઅલી અહમદઅલી સૈયદ
624505041880	વિજયસિંઘ એન ગોહીલ
શાખાનું નામ : વિજાપુર	
372505000384	રાજેન્દ્રભાઈ અંબાલાલ પટેલ
શાખાનું નામ : વિરમગામ	
098905002921	સાગરભાઈ કેશાભાઈ કોળી પટેલ
098905002877	રમેશભાઈ એ કાનઝરીયા
098905003917	રાજુભાઈ કાનજીભાઈ પરમાર
098905003103	બલદેવભાઈ લાલજીભાઈ તુલેટીયા
શાખાનું નામ : વિસનગર	
140305003838	મેહુલકુમાર નાથુભાઈ ચૌધરી
140305003854	કિરીટકુમાર અમરતલાલ પટેલ

તારીખ : ૨૬.૦૨.૨૦૧૯
સ્થળ : અમદાવાદ, ગાંધીનગર,મહેસાણા, સાબરકાંઠા, વડોદરા, બનાસ કાંઠા, છોટાઉદેપુર

સહી/-
ઓથોરાઈઝ્ડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ વતી

ઢીમામાં વીજ કનેકશનના અભાવે પાણીની ટાંકી શોભાના ગાંઠિયા સમાન

જૂન ૨૦૧૮માં રૂપિયા ૨૧.૪૦ લાખનાં ખર્ચે ૨૫ હજાર લીટર કેપેસિટી ધરાવતું ઓવરહેડ ટાંકી અને પચાસ હજાર કેપેસિટીનો સંપ બની ગયો છે.

ઢીમા, વાવ તાલુકાના યાત્રાધામ ઢીમાથી એક કિમિનાં અંતરે આવેલ આંબેડકરનગરમાં સરકાર દ્વારા પાણીનું ટાકુ બનાવવામાં આવ્યું છે. પરંતુ વીજ કનેકશન જોડવામાં ન આવતા ૧૦૦થી વધુ પરિવારો પાણી માટે હાલાકી ભોગવી રહ્યા છે. વાવ તાલુકાના યાત્રાધામ ઢીમાથી એક કિમિનાં અંતરે આવેલ આંબેડકરનગરમાં દલિત, સુથાર, સાધુ, બ્રાહ્મણ, પંડ્યા સહિત ૧૦૦ પરિવારો વસવાટ કરે છે. વર્ષોથી પાણીની સમસ્યા વેઠતાં આ પરિવારોએ ગાંધીનગર સુધી રજુઆત કરી છેવટે જૂન ૨૦૧૮માં રૂપિયા ૨૧.૪૦ લાખનાં ખર્ચે ૨૫ હજાર લીટર કેપેસિટી ધરાવતું ઓવરહેડ ટાંકી અને પચાસ હજાર કેપેસિટીનો સંપ બની ગયો છે અને બે માસથી વીજ પુરવઠો નહિ મળતાં આ પીવાનાં પાણીની ટાંકી શોભનાં ગાંઠીયા સમાન બની છે. સત્વરે ઉનાળાની સિઝન પહેલાં પાણી ચાલું કરવાની માંગ ઉઠી છે. આ અંગે ઢીમાનાં આંબેડકરનગર વિસ્તારનાં સ્થાનિક રહીશ રોહિતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે ડીસાનાં અધિકારીઓ દ્વારા વીજ કનેક્શન માટેનું એસ્ટીમન્ટ નહિ ભરતાં બે માસથી વીજ કનેકશન મળતું નથી ત્યારે સત્વરે વીજકનેકશન જોડી આવનારા દિવસોમાં ઉનાળાની કાળઝાળ ગરમી પહેલાં પાણી ચાલું કરવામાં આવે તેવી અમારી માંગ છે.પાણી પુરવઠા વિભાગ આળસ ખંખેરી આંબેડકરનગરનાં લોકોને ન્યાય અપાવે તેવી માંગ ઉઠી છે.

અરવલ્લીની ગિરિમાળાઓમાં આગ લાગવાની ઘટનાનો સિલસિલો જારી

મોડાસા, અરવલ્લી જીલ્લામાં આવેલા જંગલ અને ડુંગર પર રહેલી વનરાજીમાં આગ લાગવાના બનાવોમાં ચિંતાજનક વધારો થવાની સાથે રહસ્યમય બની રહ્યા છે એક જ સપ્તાહમાં આગ લાગવાની સતત ત્રીજી ઘટના બનતા વનવિભાગ તંત્રની બેદરકારી છતી થઈ છે. મોડાસાના વાંટડા ટોલપ્લાઝા નજીક આવેલા ચામુંડાના ડુંગર તરીકે જાણીતા ડુંગર પર આગ લાગતા વનવિભાગ તંત્રના ૧૦ થી વધુ કર્મચારીઓ આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૪૮ પર આવેલા વાંટડા ટોલપ્લાઝા નજીક ગુરુવારે બપોરના સુમારે ડુંગર પર આગ લાગતા ભારે અફરાતફરી મચી હતી. ડુંગરના જગલમાં રહેલા સૂકા પાંદડા, ઝાડ અને પવનના લીધે આગ ઝડપથી પ્રસરતા આગનું રૌદ્ર સ્વરૂપથી ગામલોકો દોડી આવ્યા હતા અને આગના લબકારાથી ભયભીત બન્યા હતા.

વનવિભાગ કર્મચારીઓ દોડી પહોંચ્યા હતા અને આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધર્યા હતા. આગના બનાવને રોકવા માટે વન વિભાગ દ્વારા ફાયર લાઈન તૈયાર કરી આકસ્મિક આગ લાગે તો જંગલ વિસ્તારમાં વધુ પ્રસરતી આગ ફાયર લાઈન સુધી જ સીમિત થઈ જાય તેવા પ્રયાસો કરાતા હોય છે છતાં સમયાંતરે બનતી આગ લાગવાની ઘટનાઓને કારણે પર્યાવરણને પારાવાર નુકશાન થઇ રહ્યું છે.

મોરબીની સુપર ટોકિઝ નજીક ભંગારના ડેલામાં ભીષણ આગ

મોરબી, મોરબીની સુપર ટોકીઝ પાસે આવેલા ભંગારના ડેલામાં અચાનક આગ લાગી હતી. આગે થોડી જ વારમાં ભીષણરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થેળે દોડી જઈ આગ પાર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. મોરબીમાં સ્ટેશન રોડ પર આવેલી સુપર ટોકીઝની બાજુમાં આવેલા ભંગારના ડેલામાં અચાનક આગ લાગી હતી.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે લખનૌમાં અપોલો હોસ્પિટલ્સનું ઉદ્ઘાટન કર્યું

લખનૌ: એશિયાનાં અગ્રગણ્ય અને વિશ્વસનિય હેલ્થકેર ગ્રૂપ અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડે (BSE: ૫૦૮૮૬૯ / NSE: APOLLOHOSP) આજે લખનૌમાં ૩૩૦-બેડ ધરાવતી અપોલોમેડિક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ હોસ્પિટલનું ઉદ્ઘાટન ભારતનાં આદરણીય રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કર્યું હતું. આ પ્રસંગે ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ આદરણીય રામ નાઇક, કેન્દ્રિય ગૃહ મંત્રી આદરણીય રાજનાથ સિંહ, ઉત્તરપ્રદેશનાં નાયબ મુખ્યમંત્રી આદરણીય દિનેશ શર્મા, ઉત્તરપ્રદેશનાં મહિલા અને બાળ વિકાસ મંત્રી આદરણીય પ્રોફેસર રીટા બહુગુણા જોશી, કાયદાકીય, ન્યાય, પરંપરાગત ઊર્જાનાં સ્ત્રોતો, પોલિટિકલ પેન્શનનાં મંત્રી બ્રજેશ પાઠક સાથે અપોલો હોસ્પિટલ્સ ગ્રૂપનાં ચેરમેન ડૉ. પ્રતાપી સી રેડ્ડી અને અપોલોમેડિક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનાં સ્થાપક અને કો-ચેરમેન ડૉ. સુશીલ ગટ્ટાણી ઉપસ્થિત હતાં.

આ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરતાં ભારતનાં આદરણીય રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું હતું કે, હવે લખનૌમાં શરૂ થયેલી અપોલોમેડિક્સ હોસ્પિટલ અત્યાધુનિક હાઇ-ટેક હેલ્થકેર સુવિધાઓ સાથે સજ્જ છે. (૧)

ક્કસોની રજૂ કરે છે વાયરલેસ નોઈસ કેન્સલીંગ નેકબેન્ડ હેડફોન્સ

નવી દિલ્હીઃ આકર્ષક ઓડિયો અનુભવને વધુ બહેતર બનાવવા સોનીએ આજે તેના વાયરલેસ નોઈસ કેન્સલેશન હેડ ફોન્સના પરિવારમાં નવા WI-C600N નો ઉમેરો કર્યો છે. લાંબા વાયર અને અવાજ વગરના WI-C600N ના હેડફોન દરેક વ્યક્તિને કામ આવે તેવું છે. WI-C600N સુપિરિયર વાયરલેસ સાઉન્ડ ક્વોલિટી અને નોઈસ કેન્સલીગ જેવા ફીચર ધરાવે છે. વન પુશ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ નોઈસ-કેન્સલીગ (એઆઈએનસી) ને કારણે તમે હરતા ફરતાં હો ત્યારે બીજુ કશું નહી, પણ માત્ર સંગીત જ સાંભળી શકો છો.

સંગીતને ખલેલ વગર સાંભળી શકાય તે માટે વાયરલેસ નોઈસ કેન્સલેશન સાથે એમ્બીયન્ટ સાઉન્ડ મોડ તમે ભરચક ટ્રેનમાં મુસાફરી કરતાં હો કે બસનો લાંબો પ્રવાસ ખેડી રહ્યા હોવ ત્યારે સોનીની નોઈસ કેન્સલીગ ટેકનોલોજી તમને મોટા અવાજો દૂર કરીને શાંતિથી સાંભળવાની તક પૂરી પાડે છે. બહારની દુનિયાના ઘોંઘાટથી દૂર રહીને તમે WI-C600N વડે એક પણ બીટ ગૂમાવશો નહી અને તમારા મનગમતા સંગીતમાં તન્મય રહી શકશો. તમે એમ્બીયન્ટ સરાઉન્ડ મોડ પસંદ કરીને સરાઉન્ડીગ એમ્બીયન્ટ સાઉન્ડ પણ સાંભળી શકો છો. (૧૯-૧)

ભારતીય ગેસ ઉદ્યોગમાં તકો અને પડકારો અંગેનો સેમિનાર યોજાયો

DEW
gti
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY AND GAS TECHNOLOGY INSTITUTE
WORKSHOP ON
OPPORTUNITIES AND CHALLENGES

અમદાવાદ : પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ) અને ગેસ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યુટ (જીટીઆઈ) દ્વારા આજે નવી દિલ્હીમાં 'ભારતમાં કુદરતી ગેસ ઉદ્યોગો – પડકારો અને તકો' વિષય પર એક દિવસનો વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આ ઉદ્યોગનાં ટોચનાં ૭૨ માંધાતાઓ હાજર રહ્યા હતાં.

આ વર્કશોપને ખુલ્લો મુકતા પીડીપીયુનાં ડાયરેક્ટર એસપીટી પ્રો. સુભાષ શાહે જણાવ્યું હતું કે 'આ વર્કશોપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગેસ વપરાશનો દર હાલનાં ૬.૫ ટકાથી વધારીને ૧૫ ટકાનું જે સ્વપ્ન છે તેને ગતિ આપવામાં સહાયક સાબિત થશે.'

તેમણે આ ઉદ્યોગો માટે કરવામાં આવતા ફિલ્ડ પ્રોજેક્ટસ માટે પ્રાદેશિક સરકારી એજન્સીઓ અને ખાનગી ઉદ્યોગોની ભાગીદારી અંગે પણ વાત કરી હતી.

આ વર્કશોપમાં પીએનજીઆરબીનાં મેમ્બર (આઈએન્ડટી) એસ રથે પોતાનાં મુખ્ય પ્રેઝન્ટેશનમાં ગેસ ઉદ્યોગ અંગેની વિષદ છણાવટ કરી હતી. તેમણે 'ભારતીય ગેસ ઉદ્યોગનું સમગ્ર ચિત્ર અને હાલના દરજ્જો' વિષય પર વકતવ્ય આપ્યું હતું. તેમણે ડીજીએચની મહત્તમ નફાને બદલે મહત્તમ ઉત્પાદન કરવાની નીતિની પણ વાત કરી હતી. ભારતમાં ગેસ ઉર્જાનો હિસ્સો માત્ર ૭ ટકાનો છે, જ્યારે તેની વૈશ્વિક સરેરાશ ૨૪ ટકાની છે. ગુજરાતમાં ગેસનો સરેરાશ વપરાશ ૨૬ ટકાનો છે, જે વૈશ્વિક સરેરાશથી ઊંચો છે. (૨૨-૧)

સંતો - મહંતો અને મહાનુભાવોના હસ્તે અનાવરણ થશે

થલતેજ ખાતે ૨૭ લાખ રુદ્રાક્ષનું સવા ૩૫ ફુટ ઊંચુ રુદ્રાક્ષ મહાશિવલિંગ દર્શન માટે ખુલ્લુ મુકાશે

૨૬ તારીખે સવારે ૮:૦૦ વાગે શોભાયાત્રા શ્રી દિપકભાઈ જી. પટેલ તથા શ્રી શેખરભાઈ જી. પટેલ શ્રી ગણેશ કોર્પોરેટ હાઉસ, ૧૦૦ ફુટ હેબતપુર - થલતેજ રોડ, સોલા બ્રિજ પાસે, એસ. જી. હાઈવે થી નિકળી કથાસ્થળે પહોચશે. ત્યારબાદ સ્થાપિત દેવતાઓનું પૂજન, ૨૧ કુંડી મહારુદ્ર યજ્ઞનો આરંભ અને ત્યાર બાદ સવારે ૧૦:૩૦ કલાકે આમંત્રિત સંતો તથા મહાનુભાવો અને આમંત્રિત મહાનુભાવોના કરકમલો દ્વારા વિશ્વનાં સૌથી ઉંચા રુદ્રાક્ષ મહાશિવલિંગજીનું અનાવરણ કરી દર્શન અભિષેક માટે ખુલ્લુ મુકવામા આવશે. અનાવરણ બાદ તા. ૬ માર્ચ બુધવાર સુધી દરરોજ સવારે ૮:૦૦ થી રાત્રે ૮:૦૦ દર્શન અભિષેકનો લાભ લઈ શકશે. બપોરે ૩:૦૦ કલાકે શિવકથાનો આરંભ કરવામાં આવશે. વિખ્યાત શિવ કથાકાર શ્રી બટુકભાઈ વ્યાસ દ્વારા જીવને શિવ તરફ ગતી કરાવતી શિવકથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે. સાંજે ૬:૩૦ કલાકે ૧૦૮ દિવાની ભવ્ય રુદ્રાક્ષ મહાશિવલિંગ આરતી કરવામાં આવશે. તા. ૨૭ ફેબ્રુ.થી ૬ માર્ચ પ્રતિદિન સવારે ૮:૦૦ કલાકે મહાશિવલિંગજી સન્મુખ સમૂહ રુદ્રાભિષેક કરવામા આવશે. અને પ્રતિદિન સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ મહારુદ્ર યજ્ઞ, પ્રતિદિન સાંજે ૩:૦૦ થી ૬:૦૦ શિવકથાનું રસપાન અને સાંજે ૬:૩૦ કલાકે રુદ્રાક્ષ મહાશિવલિંગજીની મહાઆરતી કરવામાં આવશે. (૧૯-૮)

અબડાસાના રાયધણઝર સીમમાંથી હથિયારો બનાવવાનું કારખાનું ઝબ્બે

નખત્રાણ, અબડાસા તાલુકાના બાહો રાયધણઝર ગામની સીમમાં પિતા-પૂત્ર દ્વારા દેશી બનાવટની બંદૂક બનાવવાનું કારખાનું શરૂ કર્યાની ચોક્કસ બાતમી મળી હતી. જેના પગલે પોલીસે દરોડો પાડી દેશી બનાવટની બંદૂક બનાવતા પિતા-પૂત્રને હથિયાર બનાવવાના સર-સામાન સાથે દબોચી લીધા હતા. પોલીસે રૂ.૩.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પિતા-પૂત્રની આકરી પૂછપરછ શરૂ કરી છે. રાજયમાં ચાલતા હાઈ એલર્ટ અનુસંધાને તથા સંવેદનશીલ વિસ્તારોમાં ચાલી રહેલ શંકાસ્પદ ગેરપ્રવૃતિઓ ઉપર રોક લગાવવા માટે કોઠારા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ ગઢવી તથા હેડકોન્સ્ટેબલ તથા સ્ટાફ પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન રાયધણઝર ગામના બસ સ્ટેન્ડ પાસે આવતા સાથેના પોલીસ હેડ કોન્સ્ટેબલે ખાનગીરાહે ચોક્કસ બાતમી મળેલ કે, ખીરસરા વિઝાણ ગામનો નુરમામદ ઈશાક હીગોરા તથા તેનો દીકરો મનસુર નુરમામદ હીગોરાની વાડી ઉપર શંકાસ્પદ વાંધાજનક ચીજવસ્તુઓ પડેલી છે.

ખંભાતના ઝાલાપુર વિસ્તારમાં અનેક ખનીજકૂવાઓ આવેલા છે

ગુજરાત સરકારની GSPCની સંયુક્ત સાહસ ધરાવતી વિદેશી ઓઈલેક્સ લિમિટેડ સામે કોર્ટમાં ફરિયાદ

ખંભાત, નંબર ૧૧૨, ૧૧૩, ૧૧૬, ૧૧૯ પ્લોટ જગ્યાઓમાં ગેસ અને ઓઈલનું પ્રોડક્શન કરતી વિદેશી મેસર્સ ઓઈલેક્સ લીમીટેડ કંપનીમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારી તેમજ ટીમે તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન આ કંપનીમાં ઈસી અને બોર્ડ મંજૂરી વગર ગેસ-ઓઈલનું પ્રોડકશન કરાતું હોવાનું જણાઈ આવતા મેસર્સ ઓઈલેક્ષ લિમીટેડ સહિત પાંચ શખસો સામે બોર્ડના પ્રાદેશિક અધિકારી આર.એન શેખે ખંભાતની કોર્ટમાં ફરિયાદ કરી છે. ઓસ્ટ્રેલિયા સ્થિત મેસર્સ ઓઈલેક્ષ લીમીટેડ જે કેમ્બે બેસીનમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લીમીટેડ ના સંયુક્ત સાહસ ધરાવે છે અને મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટના નોટિફિકેશનની જોગવાઈઓ પ્રમાણે નોટિફિકેશન શિડ્યુલમાં દર્શાવેલ ઉદ્યોગોએ નવા પ્રોજેકટના બાંધકામ કે નવું ઉત્પાદન, પ્રવૃતિ, વિસ્તૃતિકરણ કે આધુનિકરણ વગેરે શરૂ કરતા પહેલા એન્વાયરમેન્ટ ક્લીયન્સ સર્ટીફિકેટ મેળવવાનું રહે છે. ખંભાતના ઝાલાપુર વિસ્તારમાં અનેક ખનીજકૂવાઓ આવેલા છે. જેમાંથી ગેસ અને ઓઈલનું પ્રોડકશન કરતી વિદેશી કંપની મેંસર્સ ઓઈલેક્સ લીમીટેડ કંપનીની ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી આર.એન.શેખ, બોર્ડના મદદનીશ પર્યાવરણ ઈજનેર કૃતિ પટેલ, વૈજ્ઞાનિક અધિકારી એમ.એમ.જાદવે મુલાકાત લઈ તપાસની કાર્યવાહી હાથ ધરી હતી. જે દરમિયાન બોર્ડ એનવાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફિકેટ લીધા વગર ઈંઢ્ઢિઅ ષ્ઠૠજ ઢ્રિૅહ હ્લઢ્ઢ-ષ્ટૈંઅ (ઈંજ્ઞ) પ્રોજેકટની કામગીરી ચાલુ જોવા મળી હતી. જેથી એનવાયરમેન્ટ ક્લીયરન્સ નોટીફિકેશનની જોગવાઈઓના ભંગ બદલ પર્યાવરણ(સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ મુજબ શિક્ષાપાત્ર ગુનો કર્યો હોવાથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વતી પ્રાદેશિક અધિકારી આર.એન.શેખે મેસર્સ ઓઈલેક્ષ લીમીટેડ (ઝાલાપુર, તા.ખંભાત, જી.આણંદ), આશિષ ખરે-માઈન્સ એજન્ટ (ડી-૩૦૧, શ્રી રંગ અરોમા, ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે, રાંદેશર, ગાંધીનગર), દિલીપ પ્રજાપતિ-માઈન્સ મેનેજર (ડી-૧ આકૃતિ ટાઉન શીપ, ખંભાત), હિરેન લીંમ્બાચીયા-ઈન્સ્ટોલેશન મેનેજર (૧૧, અવધૂત સોસા.મેતપુર રોડ, ખંભાત), લય રાવલ-સેફટી ઓફિસર (તપસ્વી નગર, વાગરીયા વાડ, ખંભાત) સામે ખંભાત કોર્ટમાં ફરિયાદ કરી છે.

ફરિયાદના અનુસંધાને તપાસ હાથ ધરતા મેસર્સ ઓઈલેક્ષ લીમીટેડના માઈન્સ મેનેજર દિલીપ પ્રજાપતિને પૂછતાં તેઓએ ઉચ્ચ કક્ષાએ સંપર્ક કરવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ગાંધીનગર માઈન્સ એજન્ટ આશિષ ખરેનો ટેલીફોનિક સંપર્ક સાધ્યો હતો. જેના ભાગરૂપે એચઆર ડિપાર્ટમેન્ટમાંથી મીનાક્ષી અગ્રવાલે સંપર્ક જોડયો હતો. પરંતુ ઓઈલેક્સ કંપનીના સર્વે હોદ્દેદારોએ મૌન સેવ્યું હતું.

પિતા-પુત્ર પર હુમલાના કેસમાં નવો વળાંક

હુમલો કરનાર શખ્સો વિરૂદ્ધ કલમ-૩૦૭ની માંગણી

અમદાવાદ, અમદાવાદ-દહેગામ રોડ પર આવેલી જલારામ ટીમ્બર માર્ટ ખાતે કેટલાક માથાભારે અને અસામાજિક તત્વો દ્વારા લાકડી, પાઇપો અને લોખંડના સળિયા સહિતના હથિયારો સાથે ટીમ્બરના માલિક અને તેમના પુત્ર પર જીવલેણ હુમલો કરતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ પિતા-પુત્રને લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જો કે, આ ઘટનાને ત્રણ દિવસ વીતી ગયા હોવાછતાં પોલીસ દ્વારા હજુ સુધી કોઇ આરોઓની ધરપકડ કરાઇ નથી કે, માથાભારે અસામાજિક તત્વો વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરાઇ નથી. ચોંકાવનારી વાત તો એ છે કે, આ કેસમાં પોલીસે ફરિયાદમાં હત્યાની કોશિષનો ૩૦૭ની કલમ હેઠળની કલમ પણ દાખલ કરી નથી. જેના કારણે સ્થાનિક પોલીસ દ્વારા સમગ્ર મામલે ભીનુ સંકેલવાના પ્રયાસો થઇ રહ્યા હોઇ હવે હુમલાનો ભોગ બનનાર પરિવારજનો તરફથી ગાંધીનગર ડીએસપીને આ સમગ્ર મામલે ફરિયાદી કરી આ હુમલાના કેસમાં હત્યાની કોશિષની કલમ-૩૦૭ અને ઘાતક હથિયારો વડે હુમલો કરી ઇજા પહોંચાડવાની કલમ-૩૨૬ ઉમેરવા માટે માંગણી કરવામાં આવી છે. જેને લઇ હવે સમગ્ર મામલો ગરમાયો છે અને સ્થાનિક પોલીસની ભૂમિકા પણ સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદ-દહેગામ રોડ પર આવેલી જલારામ ટીમ્બર માર્ટના માલિક ચંદુભાઇ સામજીભાઇ પટેલના ત્યાંથી ચાર્મી માર્કેટીંગવાળા મીતેશભાઇ શાહ ઘરના ફર્નીચરનો સામાન ઉધાર લઇ ગયા હતા. જેના રૂ.૮૫ હજાર બાકી નીકળતા હતા. મીતેશભાઇની ખાતરીમાં રબારીની મુવાડી ગામના સંજયભાઇ રબારી હતા, જેથી ચંદુભાઇએ સંજયભાઇને ફોન કરી ઉપરોકત પૈસાની ઉઘરાણી કરી હતી. જેથી બાદમાં ઉશ્કેરાયેલા સંજય રબારી, મીતેશભાઇ શાહ, નિખિલભાઇ રબારી સહિતના અન્ય શખ્સો લાકડી, પાઇપ અને સળિયા જેવા હથિયારો વડે ચંદુભાઇ અને તેમના પુત્ર હર્ષદ પર જીવલેણ હુમલો કરી તેમને લોહીલુહાણ કરી ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. બંને પિતા-પુત્રને માથામાં ગંભીર ઇજાઓ થઇ હોવાથી લોહીલુહાણ હાલતમાં તેઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા.

સેલ્યુલર થેરેપી પર ચાલી રહી છે રિસર્ચ, અત્યારે તેને સ્ટેમ સેલના નામ પર ઉપયોગ કરવો અયોગ્ય

અમદાવાદ : વર્તમાન સમયમાં સ્ટેમ સેલ્સ સતત ચર્ચામાં આવી રહ્યો છે કારણ કે જે બિમારીનો ઉપચાર મોડર્ન મેડિસન નથી આપી રહી શકી, તેમાં સ્ટેમ સેલ્સની રિજનરેશન ક્ષમતા દ્વારા બિમારીના ઉપચારની આશા જાગી છે.

સેલ્યૂજન બાયોટેકના ડાયરેક્ટર લલિત જયસ્વાલે આ વાત પર ભાર આપતા જણાવ્યું કે પીઆરપી (PRP) અને એસવીએફ (SVF)ને સ્ટેમ સેલ થેરેપી કહેવુ અયોગ્ય છે અને તેને બેડ સાઇઝ પ્રક્રિયાની રીતે ન લેવું જોઇએ, પરંતુ પ્રમાણિત લેબ તરફથી સાચી રીતે સર્ટિફેકેટ ઑફ એનાલિસિસ (COA)નું સર્ટિફેકેટ આપવું જોઇએ. તેમણે આગળ જણાવ્યું કે ખોટી સૂચનાઓ ફેલાવા સામે નિયમ હોવા જોઇએ.

સ્ટેમ સેલ્સને ઘણી રીતે લઇ શકાય છે, જેમાં બોન મેરો, ગર્ભનાળ, નાળ, બાળકો તથા વયસ્કોની તરફ વિભિન્ન અંગોના ટિશ્યૂનો સમાવેશ થાય છે. તેમાં સૌથી સામાન્ય રીત બોન મેરો, કોર્ડ બ્લડ અને કોર્ડ ટિશ્યૂ છે, જેમાંથી બોન મેરો અને કોર્ડ બ્લડ લોહીની બિમારી માટે સ્વીકૃત સ્ત્રોત છે. મિસેંચાયમલ સ્ટેમ સેલ્સ, કોર્ડ ટિશ્યૂથી લેવામાં આવે છે, જેના પર હજુ રિસર્ચ ચાલી રહ્યું છે, જેનો હેતુ એ છે કે તે ભવિષ્યની રિજેનરેટિવ મેડિસિન માટે ઉપયોગ થઇ શકે. જે દર્દીઓને ઇજા અને ડિજનરેશનથી ટિશ્યૂ ખરાબ થવા લાગે છે, તેમને રિજેનરેટિવ મેડિસિનમાં સ્ટેમ સેલનો ઉપયોગ કરી ફરીથી કાર્યસક્ષમ બનાવી શકાય છે, જેથી દર્દીના આરોગ્યમાં સુધાર આવે છે. (૧-૭)

થરાદના ખાનપુર પાસેથી ૧.૫૩ લાખના દારૂ સાથે શખ્સ ઝડપાયો

થરાદ, થરાદ પોલીસે બાતમીના આધારે તાલુકાના ખાનપુર ગામની સીમમાંથી વિદેશી દારૂની ૧૫૩૬ બોટલ સાથે થરાદ તાલુકાના એક ચાલકને ઝડપીને જેલ હવાલે કર્યો હતો. જિલ્લા પોલીસ અધીક્ષક પ્રદિપ શેજુળ તથા મદદનીશ અધીક્ષક અજીત રાજીયાણની સુચના મુજબ જયેશભાઇ સવજીભાઇ તથા પો.કો. ઉમાભાઇ, દશરથભાઇ, પ્રવિણભાઇ, ભરતભાઇ સહિત થરાદ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.

દરમ્યાન રાજસ્થાની એક સ્કોર્પીયોમાં વિદેશી દારૂનો મોટો જથ્થો આવી રહ્યો હોવાની બાતમી મળતાં થરાદના ખાનપુર ગામની સીમમાં વૉચ ગોઠવી નાકાબંધી કરી હતી.અને ખાનપુર ગામની કેનાલ પરથી સ્કોર્પીઓ જીપનં. ય્ત્ન-૦૮ મ્જ્ઞ-૯૮૩૨ ને ઝડપી લીધી હતી. જેમાંથી વિદેશી દારૂ બીયરના ટીન નંગ-૧૫૩૬ કિ.રૂા.૧,૫૩,૬૦૦ સાથે ગાડીનો ચાલક અજેશીભાઇ પરખાભાઇ પટેલ રહે.ગણેશપુરા ઝડપાઇ ગયો હતો અને આ મુદ્દામાલ મુકેશભાઇ હરદાસભાઇ ઠાકોર રહે. ભાભર નાઓએ મંગાવ્યો હોવાનું જણાવ્યું હતું.

Public Notice

Notice is hereby given that the following sub-broker/s is/are no longer affiliated as sub-broker/s of **Goldmine Stocks pvt Ltd SEBI Registration No:INB010884634 Bombay Stock Exchange of India and SEBI Registration No:INB230884633 National Stocks Exchange of India having the registered office at Goldmine House 4 NiranjanNirakar Society, Nr Shreyas Railway Crossing, Ahmedabad -380007**.Phone No-07926688224. Any person henceforth dealing with below mentioned sub-broker/s should do so at their own risk. Goldmine Stocks Pvt Ltd shall not be liable for any dealings with them

1) Sub Broker Trade Name: **Narendrabhai Bhikhabhai Bhatt**
Sub broker SEBI Reg.No:**BSE: INS016286812/ 01 - 08846**
Reg. Date:03/11/2008
Reg. Office Address:**3 Mathur Master Estate, Nagarvel Hanuman Road,Rakhil Ahmedabad-380023**
2) Sub Broker Trade Name: **Jyotikaben J shah**
Sub broker SEBI Reg.No:**NSE: INS234005119/23-08846**
Reg. Date:02/07/2007
Reg. Office Address: **6 Saptarshi Appartments, B/h Motiwala" s Hospital, Ambawadi, Ahmedabad-380015**
3) Sub Broker Trade Name: **Himanshu R Parmar**
Sub broker SEBI Reg.No:**NSE: INS235789711/ 23 - 08846**
Reg. Date:17/07/2008
Reg. Office Address: **7 Ganga Appartments, Opp G D High School, Saujpur Ahmedabad-382345**
4) Sub Broker Trade Name: **Himanshu R Parmar**
Sub broker SEBI Reg.No:**BSE: INS014856814/01-08846**
Reg. Date:29/02/2008
Reg. Office Address: **7 Ganga Appartments, Opp G D High School, Saujpur Ahmedabad-382345**
Date-22-02-2018
Goldmine stocks Pvt Ltd

ICICI Bank
ICICI Bank Limited

રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭, ગુજરાત.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦ ૦૫૧.
બ્રાન્ચ ઓફીસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, સીસીએમજી, હેરીટેઝ ચેમ્બર્સ, ૨જો માળ, આઝાદ સોસાયટી, નેહરૂ નગર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫

માંગણા નોટીસ

ક્રમ નં.	કરજદાર/સહ-કરજદાર/ જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ	જામીનમાં મુકેલ /આરક્ષિત મિલકતનું સરનામ	નોટીસ પ્રવાહીકરણની તારીખ
૧	**કરજદારનું નામ :**ધર્મરાજ એક્સપોર્ટ **લોન એકાઉન્ટ નંબર :** ૦૦૨૪૦૫૦૨૩૮૪૦ **કરજદારનું સરનામું :** ૧ સિગ્નેચર, બીએમડબ્લ્યુ શોરૂમ પાસે,, દિવ્યભાસ્કર પાછળ, એસ જી હાઈ-વે, અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૧૫ **ભાગીદારોનું નામ : (૧) રાજેશભાઈ ધીરૂભાઈ ગોન્ડલીયાઃ** સરનામું : ૮૭, શ્રી અંબાવિલા, સુખરામ ઈન્ડ. એસ્ટેટ પાસે, ઉમરગામ, સુરતઃ ૩૯૩૧૩૫. **(૨) પ્રકાશ હરીલાલ બુહાઃ** સરનામું :સી/ઓ નારણભાઈ, એ/૨૭ પંચવટી સોસાયટી, સરથાણા જકાતનાકા, કામરેજ રોડ, સુરત સિટી, વરાચ્છા રોડ, સુરત- ૩૯૫૦૦૬	**વેયરહાઉસ સરનામું :** અતુલ ટ્રેડીંગ કં. ગોડાઉન નેશનલ હાઈ-વે નં.૮, વાવળા ઓવરિબ્રજ પાસે, શક્તિ રાઈસ મિલ પાછળ ત્રિમુર્તિ હોસ્પિટલ પાસે, દારૂણ રોડ બાવળા. **અમલમાં આવવાળી** મિલકતની સમ્પત્તિ	જાન્યુઆરી ૨૧, ૨૦૧૯ અને ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ પછી

લીકવીડેશન નોટીસમાં વધારે જણાવવાનું કે,૨૧ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ(૨૩ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ મોકલેલી) પેઢીના સરનામા પર અને બીજી નોટીસ તા.૧૪ મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ (૧૬ મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ મોકલેલી)

ધર્મરાજ એકસપોર્ટના ભાગીદારોને.

આઈસીઆઈસીઆઈ બેંક લી (આઈસીઆઈસીઆઈ બેંક)પાસેથી તમે કાર્યકારી મુડી તમે લીધેલી તેના અનુસંધાનમાં જણાવવાનું કે તમે તા.૩ જી ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ વેરહાઉસની નાંણાકીય સગવડ માટે તેમે લોન સગવડ મેળવી હતી તેનો નં.૨૭૫૮૬૫ છે.

તમને જાણ કરવાની કે તમે જે લોનની સગવડ મેળવી હતી તે તમારે આઈસીઆઈસીઆઈને ચુકવવાની થાય છે તે બાકી છે. કુલ બાકી રકમ રુ ૧,૯૬,૪૧,૭૮૯- (એક કરોડ છન્નુ લાખ એકતાલીસ હજાર સાતસો નેવ્યાસી પુરા)તા.૧૭ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ મુળ રકમ ચુકવવાની થાય છએ. તેના પર વ્યાજ ,ચાર્જ, વગેર જે ઉપર જણાવેલ લોનની સગવડ માટે.તે મળીને રકમ રૂ.૨,૦૯૪,૬૩૩- (રૂ વીસ લાખ ચારાણું હજાર છસ્સો તેત્રીસ પુરા) તા.૧૭ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ થાય છે.

તા.૨૧ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ તમને રજીસ્ટાર પોસ્ટથી નોટીસ મોકલવામાં આવી છે જે ડીલીવરી કર્યાવગર પાછી આવ્યું છે. ત્યાર બાદ તા.૧૪ મી ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ ધર્મરાજ એકસપોર્ટના ભાગીદારોનો ઘરના સરનામા પર નોટીસ મોકલવામાં આવી છે.

આ પરિસ્થિતમાં તમને જણાવવાનું કે આઈસીઆઈસીઆઈ બેંકની નજીકની શાખા,આઈસીઆઈસીઆઈ બેંક લી. જેઅમસી હાઉસ, પરિમલ ગાર્ડન સામે, ઓફ.સી.જી.રોડ, આંબાવાડી, અમદાવાદ.૩૮૦૦૦૬. ખાતે આ નોટીસ પ્રસિધ્ધ થયાના સાત દિવસની અંદર આપી જવા જણાવવામાં આવે છે.બાકી નીકળતી રકમ અને તેના પરનું વ્યાજ તથા ચાર્જ વગેરે જે કરારના દસ્તાવેજોમાં દર્શાવ્યા છે તે મુજબ રૂ.૧,૯૬,૪૧,૭૮૯- (એક કરોડ છન્નુ લાખ એકતાલીસ હજાર સાતસો નેવ્યાસી પુરા)તેની ઉપર બાકી નીકળતી રકમ રૂ.૨,૦૯૪,૬૩૩- (રૂ વીસ લાખ ચારાણું હજાર છસ્સો તેત્રીસ પુરા) તા.૧૭ મી જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ થાય છે.

જો તમે ઉપર જણાવેલ રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો આઈસીઆઈસીઆઈ બેંક તેની બાકી નિકળતી રકમ મુકત કરવા માટે ગીરો મિલકતસ સામે વેચાણની કાર્યવાહી કરશે. ઉપરોકત સંબંધમાં આઈસીઆઈસીઆઈને જરુરી પગલા લેવાનો હક્ક છે .

તારીખ : ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯
સ્થળ : અમદાવાદ

સહી/-,
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ